આજથી આ 'સન્ડે ઈ.મહેફીલ' દસ વર્ષ પુરાં કરી, 'અગીયાર'મા વર્ષમાં પ્રવેશ કરે છે..
અમે, સૌ સર્જકોના, સમ્પાદનનાં કાર્યમાં સદાયના સહાયક સ્વજનોના અને દેશવીદેશે પથરાયેલા સૌ ગુજરાતીના રસીયા વાચકોના ઋણી છીએ..
એક જ અફસોસ કે રતીકાકા હવે આપણી વચ્ચે નથી..
'સ.મ.'ના સમ્પાદકો તરફથી સૌનો ખુબ ખુબ આભાર.. આભાર.. આભાર..
અને હવે વાંચો આજની આ અદ્ભુત વાર્તા...

***

# મારે મરવું નથી કારણ કે..

– સોનલ પરીખ

'મારે મરવું નથી. મને બચાવી લો. કંઈ પણ કરો – મને જીવાડો.'

એ વૃદ્ધ સજ્જનનું ગળું ભરાઈ આવ્યું. ઉપસેલી નસોવાળા સુકા બરછટ હાથે તેમણે ખુરશીના હાથા એવી રીતે પકડી રાખ્યા હતા કે જો છોડી દેશે તો મૃત્યુ ઉંચકીને તેને લઈ જશે ! ફીક્કી ચામડી બેબાકળા ચહેરા પર કંપતી હતી. આંખોમાં ડર અને સ્તબ્ધતા થીજી ગયાં હતાં. તેઓ ખુબ અસહાય અને હતાશ લાગતા હતા. હવા પણ જાણે તેમની પીડાના વજનથી ભારે ભારે થઈ ગઈ હતી.

'કેન્સર ઘણું વધી ગયું છે.' હું શબ્દો ચોર્યા વગર બોલી. તેમ કર્યા વગર બીજો રસ્તો નહોતો.

'એટલે કે કોઈ આશા નથી ? પ્લીઝ, એવું ન કહો. કહો કે આશા છે. રીપોર્ટ ફરી વાર જુઓ. તમારા સીનીયરની સલાહ લો. નીદાનમાં કદાચ ભુલ હોય. તમે તો ડૉક્ટર છો. છેવટે એટલું કહો કે કૅન્સર જીવલેણ નથી.'

'હું તમને લાંબો સમય વ્યવસ્થીત રાખવાની અને પીડા વગર જીવાડવાની કોશીશ કરીશ.'

'પણ મારે મરવું જ નથી.' તેમણે પોતાના ધ્રુજતા હાથમાં મારી હથેળી જકડી લીધી. તેમના હાથ ઠંડા હતા; મૃત શરીરના હોય તેવા. પણ તેમની હથેળીનો કંપ હું મારી હથેળીમાં અનુભવી રહી. થોડી વારે મેં મારો હાથ હળવેથી સેરવી લીધો.

નીચું જોઈ તેઓ માથું ધુણાવતાં બબડતા હતા : 'મારે મરવું નથી. મારે મરવું નથી..'

*

દર વખતે આ જ દૃશ્ય ભજવાય. કોઈના માથા પર મૃત્યુ તોળાતું હોય, તેને મરવું ન હોય, તે બચવા માટે એવા કાલાવાલા કરે; જાણે અમે ડૉક્ટરો તેમને જીન્દગી આપવા સમર્થ હોઈએ ! આ બધાની અસર હું ડૉક્ટર છું તો પણ; મને થાય તો ખરી. રોગ અને મૃત્યુ પાસે આખરે માણસ અસહાય છે એ સ્વીકારવું કંઈ સહેલું નથી. તે છતાં અમે છેક સુધી લડ્યે જતા હોઈએ છીએ. આવી રીતે વર્તીને તેઓ મારો આત્મવીશ્વાસ તોડી નાખતા.

હવે વાતો પુરી થઈ ગઈ હતી. તેઓ આવતા ને આવતાંની સાથે રડવા માંડતા. હું પણ ચુપચાપ રહેતી. તેમને રડવા દેતી, જોતી રહેતી. મને કરુણા પણ ઉપજતી અને ધીક્કાર પણ જાગતો. એવું વાતાવરણ ઉભું થયું, જાણે આ સ્થીતીમાં મેં એમને મુક્યા હોય. અસાધ્ય કૅન્સરના મરણોન્મુખ રોગીઓની સારવાર 'પેલીએટીવ કૅર'ની ખાસ તાલીમ મેં લીધી છે. અંત સમયની પીડા અને મૃત્યુને સહ્ય બનાવવામાં દર્દીઓને મદદ કરવી તે મારું કાર્યક્ષેત્ર છે. એટલે હું છેવટે તેમને આશ્વાસન આપતી, શાંત પાડવાની પુરેપુરી કોશીશ કરતી, થોડી આધ્યાત્મીક વાતો પણ કરતી; છતાં તેમનું રડવાનું કેમેય અટકતું નહીં. મારી ધીરજની કસોટી થવા લાગી ને અન્તે ક્ષોભ અને ત્રાસ પામીને હું તેમનો હાથ પકડી હળવેથી ઉભા કરતી અને બહાર મુકી આવતી. એક રડતો વૃદ્ધ બીમાર પુરુષ અને તેને બહાર મુકી જતી યુવાન ડૉક્ટર ! એવું દૃશ્ય રચાતું કે બહાર બેઠેલાં દર્દીઓ, મારી રીસેપ્શનીસ્ટ અને વૉર્ડબૉય સુધ્ધાં તેમના તરફ સહાનુભુતીથી અને મારા તરફ તીરસ્કારથી જોતાં. ક્યાંય સુધી મને કળ ન વળતી.

*

'તમે અત્યન્ત નીરાશ થઈ ગયા છો' એક દીવસ મેં કહ્યું.

'હા.' તેમની આંખો છલકતી હતી.

'તમને તકલીફ થાય છે. દુઃખાવો કે બળતરા?'

'હા... ના... કદાચ. ખબર નથી પડતી.' અને આંસુ સરવાં માંડ્યાં.

ફરી વાર તેઓ હતાશાની અતળ ખાઈમાં ગરક થતા જતા હતા અને મને પણ ખેંચી જતા હતા. હું ખેંચાઈ રહી હતી. મને ગુસ્સો આવતો હતો. આખરે આયુષ્યના નેવુંમાં વર્ષે મૃત્યુનો આટલો ડર શા માટે ? સુખોદુઃખોથી ભરેલી એક લાંબી જીન્દગી તેમણે જીવી લીધી હતી, પછી આટલી વીહ્વળતા શા માટે ? મને તેમના ખભા પકડી હલાવી નાખવાનું ને બુમ પાડીને પુછી લેવાનું મન થતું હતું :

'આખરે, દીકરીથીય નાની ઉંમરની ડૉક્ટર પાસેથી કેવા પ્રકારનું આશ્વાસન ઈચ્છો છો તમે ?'

ખરેખર તો આ ક્ષણે એમની શાન્તી અને ધૈર્યમાં તમામ અસહાયતા ઓગળી જવી જોઈએ. મૃત્યુને ગરીમાથી સ્વીકારી લેતાં અનેક યુવાનો અને બાળકો પણ મેં જોયાં છે. આ પુરુષ આ ઉંમરે આટલો બધો નીર્બળ કેમ બને છે ? આટલો બધો કેમ પડી ભાંગે છે કે કેમેય કરીને તેને ઉભો કરી શકાતો નથી ?

મારી અકળામણ વધતી હતી. કદાચ બહાર દેખાતી પણ હશે. તેઓ ધ્રુજતા ધ્રુજતા ચુપચાપ બેઠા હતા. આંસુથી ખરડાયેલા ગાલ પર ફરી ફરી આંસુ વહેતાં હતાં.

મેં કહ્યું, 'કદાચ બીજા કોઈ ડૉક્ટર તમને વધુ મદદ કરી શકશે. હું...'

'ના, ના, મારે બીજા કોઈ પાસે જવું નથી. તમે મને છોડી ન દેશો.'

'ભલે, નહીં છોડું.'

'હું મરવા નથી માગતો મારે જીવવું છે કારણ કે... કારણ કે હું પ્રેમમાં છું.'

હું સ્તબ્ધ ! પ્રેમમાં ? આ ઉંમરે ? કાન પર અથડાયેલા શબ્દો જાણે મનમાં પચતા નહોતા !

તેઓ તો જાણે ક્યાંક બીજે, બીજી દુનીયામાં ચાલ્યા ગયા હતા. મનમાં જાત સાથે વાત કરતા હોય એમ તેઓ બોલવા લાગ્યા, 'અમારાં લગ્ન થયાં ત્યારે તે સોળ વર્ષની હતી.' આટલાં ડર, પીડા અને કંપન વચ્ચે પણ તેમના ચહેરા પર એક કોમળ તેજ પથરાયું. થોડા ન સમજાય તેવા શબ્દો... પછી તેઓ ક્યાંય સુધી મૌન રહ્યા. મારા મનમાં ચીત્ર આવ્યું – સાગરના તળીયે એક મરજીવો છીપ ભેગી કરી રહ્યો છે. મનમાં ઉછળતી ઉત્સુકતા દબાવી હું ધીરજથી તેમને જોતી રહી.

અંતે મૌન તુટ્યું : 'મેં વચન આપ્યું હતું કે જીવનભર તેને સંભાળીશ.'

હું પારાવાર ક્ષુદ્રતા અનુભવતી હતી. 'મને કહ્યું કેમ નહીં ?'

'તમે પુછ્યું નહોતું.'

'હવે પુછું છું. તમારાં પત્ની વીશે મને કહો.'

'કહું ?' તેમના ચહેરા પર મેઘધનુષ ખીલી ઉઠ્યું.

'હા. બધું કહો.'

અને તેઓ કહેવા લાગ્યા – ભાગલા વખતે સર્વસ્વ ગુમાવીને થાકેલા શરીર, વીચ્છીન્ન આત્મા અને ચાર નાનાં બાળકો સાથે આ દેશમાં આવેલાં પતી–પત્ની વીશે, દીવસે નાનીમોટી નોકરીઓ કરી રોટલો રળતા ને રાત્રે નાઈટ સ્કુલમાં ભણતા યુવાન વીશે, કરકસરથી ઘર ચલાવતી, બાળકોને કેળવતી ને સંઘર્ષરત પતીના હૃદય પર શાન્તીનો હાથ ફેરવતી પ્રીયતમા વીશે, યુવાનીનાં વીતતાં ગયેલાં વર્ષો, સંઘર્ષનાં ધીરે ધીરે મળતાં ગયેલાં ફળ અને આયુષ્યની સરતી જતી રફતાર વીશે. 'રોજ રાત્રે અમે છયે જણ ઢુંબો વળીને જે મળ્યું હોય તે પ્રેમથી ખાઈ લેતાં, એકબીજાને ખવડાવી દેતાં. થાકથી તુટી પડ્યો હોઉં ત્યારે એ ખભે હાથ મુકીને કહેતી – આપણે સાથે છીએ તો નવી જીન્દગી જરુર મળશે ને હું ભાંગેલી કમર સીધી કરી વીશ્વાસપુર્વક કામે લાગતો.'

આ બધું કહેતી વખતે તેમના અવાજમાં જરાય કંપ ન હતો. તેમણે કહ્યું, 'તમને કદાચ મારી વાત જુના જમાનાની, ચીલાચાલુ લાગશે. પણ સાચું તો એ જ છે કે, અમારા પ્રેમે જ અમને શક્તી આપી હતી. તેનું મોં જોઈને મારા પગમાં નવું જોમ આવતું ને મને જોઈને તેનામાં પ્રાણ પુરાતો. આમ જ જીવન વીત્યું, બાળકો મોટાં થયાં, દુ:ખો પણ પુરાં થયાં અને હવે...'

ફરી તેમનો અવાજ તુટી ગયો. આંખો વહેવા માંડી. પણ હવે હું આ આંસુનું મુલ્ય જાણવા પામી હતી. પ્રેમનું આ કેવું સ્વરુપ હતું ! જે પ્રેમ ગમે તેવી વીકટ પરીસ્થીતીમાં તેમને સ્થીર રાખતો હતો, તે જ પ્રેમ આ વયોવૃદ્ધ અવસ્થાએ તેમને બાળકની જેમ રડાવી રહ્યો છે ! હું આમને ડહાપણના, સાંત્વનાના શબ્દો કેવી રીતે કહું ? મને સમજાય છે, તેઓ સાચા છે. જેનો થરથરતો હાથ, હાથમાં લઈને જીવનભર સાથ આપવાનો કોલ દીધો હતો, જેને ગર્વથી, પ્રેમથી, અધીકારથી આજ સુધી રક્ષી હતી; તેને આ વૃદ્ધ અવસ્થાએ એકલી મુકીને જઈ શકાતું નથી. પણ જવું તો પડશે. આ મૃત્યુનો ડર નથી, વીયોગનો પણ નથી; બસ એક જર્જરીત વૃદ્ધ નારીમુર્તી સામે આવે છે ને ધૈર્યના બધા બંધ તુટી જાય છે.

ના, તમે ચીલાચાલુ નથી. જુના જમાનાના નથી. આ પ્રેમ, આ સ્વપ્નો જ તો દરેક પુત્રનું જીવનબળ છે.

તેમના હાથ પર હાથ મુકીને હું બોલી, 'તમારી વાત ખુબ જ સુંદર અને અત્યંત અદ્ભુત છે.'

તેમણે બે હાથમાં મારી હથેળી પકડી, 'એવું નથી. તમે આંખ ખોલીને જુઓ તો આવો પ્રેમ ઘણી જગ્યાએ દેખાશે.'

અને પહેલી વાર તેઓ શાન્તીપુર્વક ગયા. મને શાન્તી આપીને ગયા. હવે છેક મને સમજાયું કે તેઓ મારી પાસેથી શું ઈચ્છતા હતા. મારે તેમના હૃદય સુધી પહોંચવાનું હતું. તેમની પીડા સમજવાની હતી. દવા કે ઈલાજમાં નહીં; તેમની શાન્તી પોતાના મનની વાત વહેંચવામાં હતી.

મને મારી અધીરાઈ માટે શરમ આવતી હતી. કેટલી ઉપરછલ્લી હતી મારી યુવાની અને જીવન તો કેટલું ગહન, કેટલું શાન્ત ! ધીમા, ડગમગતા, સરખું સાંભળી કે બોલી ન શકતા જીર્ણ શરીરવાળા વૃદ્ધોને જોઈ તેમને નીરુપયોગી, નકામા, અકારણ જીવ્યા કરતા અને સંવેદનવીહોણા ધારી લેતા વાર નથી લાગતી; પણ યુવાનીનો ચળકાટ એક દીવસ ખલાસ થઈ જાય છે. ત્યાર પછી પણ પ્રેમ જીવતો હોય છે; જીન્દગીનો અર્થ જીવતો હોય છે. જો જોવા માગીએ તો દેખાય; અનુભવવા માગીએ તો જોઈ શકાય.

એ મારું છેલ્લું મીલન હતું. ત્યાર પછી તેઓ કદી ન આવ્યા. એક દીવસ સમાચાર મળ્યા કે તેઓ મૃત્યુ પામ્યા છે. મેં ઑફીસમાં કહેવડાવ્યું કે તેમને ત્યાંથી કોઈ પેપર્સ લેવા આવે તો મને મળે.

અઠવાડીયા પછી તેમના પુત્રને મળવાનું થયું. ચાલીસેક વર્ષનો ગંભીર સમજદાર પુરુષ. મેં પુછ્યું, 'તેમની છેલ્લી પળો કેવી વીતી ?'

'શારીરીક કષ્ટની ફરીયાદ નહોતા કરતા. પણ જીવ જતા વાર લાગી. વારે વારે મા સામે જોયા કરતા હતા.'

'અને તમારાં મા ?'

'મારી મા છેલ્લાં વીસ વર્ષથી અંધ છે. તેની સારસંભાળનો બધો જ ભાર છેક સુધી પીતાજીએ ઉપાડ્યો. અમે ઘણું કહ્યું કે નર્સ રાખીએ, કૅરટેકર રાખીએ; પણ ન માન્યા. કહે, મારે બીજું કામેય શું છે ? અત્યાર સુધી એણે મારી કેટલી સેવા કરી છે. થોડું હુંયે કરું ને નાનુંમોટું બધું પોતે જ કરતા. રોજ બહાર લઈ જાય. ઝીણું ઝીણું વર્ણન સતત કરતા જાય ને મા તેમનો હાથ પકડી ચાલતી હોય, રસથી સાંભળતી હોય. વચ્ચે પુછતી જાય, 'આ ઘંટડી શાની વાગી ?' 'બાજુમાંથી શું દોડી ગયું ?' 'આજે પાંદડાં કેમ બહુ ખખડે છે ?' ઘરમાં પણ બન્ને સાથે ને સાથે જ-' પછી ગળું ખંખેરી કહે, 'જોડી તુટી, ડૉક્ટર.'

'તમારાં મા બહુ દુઃખી થયાં હશે ?'

એ ભાઈ નીચું જોઈ ગયા. થોડી વારે કહે,

'શાન્ત હતી. આમ તો એક વાર બોલી હતી – 'સારું થયું, મારા પહેલા તેઓ ગયા. મારે પહેલા જવાનું થાત તો એમને એકલા છોડી કેમેય જઈ ન શકત. તેમની જેમ વલખતી રહેત.' મેં પુછ્યું, 'તને કોણે કહ્યું તેઓ વલખતા હતા ? તો બોલી નહીં. છલકતી આંખે નીચું જોઈ ગઈ.'

'તમે કહ્યું, શાન્ત હતી – 'હતી' શબ્દ વાપરેલો ને ?'

'હા.'

'એટલે – એટલે કે...'

'પીતાજી ગયા પછી ચાર દીવસે મા પણ મૃત્યુ પામી. ઉંઘમાં જ ચાલી ગઈ. પેલે દીવસે બોલી હતી કે હવે જીવીને શું કામ છે ? ભગવાનની માળા કર્યા કરતી હતી આખો દીવસ.'

દર્દીના મૃત્યુ પછી સગાવહાલાને મળવાનો પ્રસંગ આવી રીતે ક્યારેક આવે. તેવે વખતે તેઓ વાતો કરવા આતુર હોય છે. તેમની લાગણીઓ ઘવાય નહીં, તેવી રીતે વાત ટુંકાવવાની અમને તાલીમ અપાય છે. હું પણ આ શીખી છું. સૌજન્ય જાળવીને થોડામાં પતાવવું એ નીયમને અનુસરું છું. પણ તે દીવસે એ નીયમ મેં તોડ્યો. એ ભાઈએ તેમના પીતા વીશે ઘણી બધી વાતો કરી, કે દાદા કેવા ગરમ સ્વભાવના પણ અત્યન્ત પ્રેમાળ હતા. રેફ્યુજીઓને કેટલી મદદ કરતા, પરીવારને કેટલો ચાહતા. અનેક પ્રસંગો. આ બધી વાતો મેં પુરી સાંભળી. પણ મારી આંખો સામે એક જ દૃશ્ય રચાતું રહ્યું – ઝુકી આવેલું આકાશ, સાંકડો રસ્તો, એકબીજાંનો હાથ પકડી ચાલ્યું જતું દમ્પતી અને તેમના પર મંજરીઓ ખેરવતાં ઘટાદાર વૃક્ષો !

*

દર્દીઓ તરફ જોવાની એક નવી દૃષ્ટી મને મળી છે. વ્હીલચૅરમાં બેઠેલા, અધ્ધર જીવ અને ખોવાયેલી દૃષ્ટીવાળા, જીર્ણ-કંપતા શરીરવાળા વૃદ્ધોને જોઈને હું મારી જાત સાથે એક કમીટમેન્ટ કરું છું કે, તેમના અન્તની ઘોષણા કરવાની ઉતાવળ કરવાના બદલે હું તેમની સફરના મુકામોને, તેમની સાથે માણીશ. તેમની સ્મૃતીની અને મારી સમજની ગ્રંથીઓને ઓગાળીશ.

આખરે, આપણે શું જોઈએ – મુક્તી, વીમોચન. ખરું ને ?

– સોનલ પરીખ

(પ્રસીદ્ધ 'કુમાર' માસીકના 2011 એપ્રીલના 'એક હજાર'મા વાર્તા–વીશેષાંકના પાન 479 પરથી સાભાર..)

સર્જક–સમ્પર્ક :

**SONAL PARIKH** (sonalparikh1000@gmail.com); Mobile : 092214 00688

સમ્પર્ક : 'જન્મભુમી ભવન', જન્મભુમી માર્ગ, ફોર્ટ, મુંબઈ – 400 001 (લેખીકા 'જન્મભુમી'ના તંત્રીવીભાગમાં કાર્યરત છે)

♦●♦

'સન્ડે ઈ–મહેફીલ' – વર્ષ: દસમું – અંક: 323 – June 07, 2015

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@

More than 3,12,60,000 Gujarati Language lovers have visited http://www.gujaratilexicon.com

More than 43,28,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 7,43,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 1,45,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com@

@@@@@@